ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯ | ૯ એપ્રિલ, ૨૦૨૦, ગુરૂવાર; ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં લોકડાઉન વધારવાના સંકેત

**મોદીએ સર્વપક્ષીય બેઠકમાં આપેલો સંકેત : મુખ્યમંત્રીઓ સાથે ૧૧મીએ ફરીવાર બેઠક કરવા મોદીનો નિર્ણય : વિડિયો કોન્ફરન્સિંગ મારફતે યોજવામાં આવેલી સર્વપક્ષીય મિટિંગમાં જુદા જુદા અભિપ્રાય રજૂ કરાયા : એક સાથે લોકડાઉન ખતમ નહીં થાય : વડાપ્રધાન**



નવીદિલ્હી, તા. ૮

દેશમાં કોરોના સંકટ પર ચર્ચા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સિગ મારફતે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. બેઠકમાં વડાપ્રધાન મોદીએ વિપક્ષી દળોને દેશમાં લોકડાઉનને વધારવા માટેના સાફ સંકેત આપ્યા હતા. મોદીએ બે વાત ખુબ જ સ્પષ્ટપણે કહી હતી. પહેલી બાબત એ હતી કે, એક સાથે એક જ ઝટકામાં લોકડાઉનને ખતમ કરી શકાય નહીં. બીજી બાબત એ છે કે, કોરોનાથી પહેલા અને કોરોના બાદની લાઈફ એક જેવી રહેનાર નથી. મોદીએ આ ગાળા દરમિયાન કહ્યું હતું કે, તેઓ ૧૧મી એપ્રિલના દિવસે ફરી એકવાર તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે. ૧૪મી એપ્રિલના દિવસે લોકડાઉનની

અવધિ ખતમ થનાર છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા ૫૦૦૦થી ઉપર પહોંચી ચુકી છે. મોતનો આંકડો ૧૫૦થી ઉપર પહોંચી ચુક્યો છે. વડાપ્રધાનની બેઠકમાં કોંગ્રેસ સહિત તમામ પક્ષોએ ભાગ લીધો હતો. મોદીએ આ બેઠકમાં સરકાર દ્વારા કોરોના સંકટને હાથ ધરવા માટે લેવામાં આવી રહેલા પગલાઓની માહિતી આપી હતી. સાથે સાથે નેતાઓના અભિપ્રાય પણ માંગ્યા હતા.

● અનુસંધાન પાના ૭ પર

## લોકડાઉનના કારણે કોરોનાથી ભારતને ઓછુ નુકસાન થયુ

**લોકડાઉન તેમજ સોશિયલ ડિસ્ટેન્સિંગના કારણે ફાયદા થયા છે**

નવી દિલ્હી,તા. ૮

લોકડાઉનના કારણે ઘરમાં બંધ રહેવાના કારણે જોરદાર ફાયદો થઈ રહ્યો છે. કેટલાક લોકોને સવાલ થઈ રહ્યા છે કે ઘરમાં લોકડાઉન રહેવાના કારણે કેટલા લાભ થયા છે. કોરોના વાયરસને રોકવામાં સફળતા મળી રહી છે કે કેમ ? આવા પ્રશ્ન કરનાર લોકોને ભારતીય તબીબી અનુસંધાન પરિષદના નવેસરના હેવાલમાં જવાબ મળી ગયા છે. સંસ્થાના અભ્યાસના તારણ દર્શાવે છે કે લોકડાઉનના કારણે અને સોશિયલ ડિસ્ટેન્સિગના કારણે અભૂતપૂર્વ ફાયદો થયો છે. સંસ્થાના અભ્યાસના તારણ દર્શાવે છે કરે લોકડાઉન અને સોશિયલ ડિસ્ટેન્સિંગની બાબતોને ધ્યાનમાં લેવામાં ન આવે તો કોવિડ-૧૯ના એક દર્દીના કારણે ૩૦ દિવસમાં સરેરાશ ૪૦૬ લોકોને કોરોના વાયરસ થઈ શકે છે. પરંતુ લોકોના મિલન પર ૭૫ ટકા કાપ મુકવામાં આવ્યા બાદ એક વ્યક્તિ ૩૦ દિવસમાં સરેરાશ ૨.૫ લોકોને જ અસર કરી શકે છે. આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે આ મુજબની માહિતી આપી હતી. અગ્રવાલે કહ્યુ હતુ કે લોકોને લોકડાઉનના નિયમોને વધારે કઠરો રીતે પાળવાની જરૂર છે.કારણ કે આના કારણે ઉલ્લેખનીય લાભ



થઈ રહ્યો છે. કોરોના તેના ખતરનાક પગ પેસારાને કરવામાં સફળ નથી. લવ અગ્રવાલે લોકોને ઘરમાં રહેવાની સલાહ આપી હતી. તેમણે કહ્યુ હતુ કે અમને સમજવાની જરૂર છે કે કોવિડ-૧૯ પર અંકુશ મેળવી લેવા માટે આ ખુબ જરૂરી છે. હાલના સમીકરણથી સ્પષ્ટ છે કે એક ઈન્ફેક્શનગ્રસ્ત વ્યક્તિ ૧.૫ લોકોથી ચાર લોકો વચ્ચે કોરોના ફેલાવી શકે છે.

## મહારાષ્ટ્રમાં માસ્ક ફરજીયાત પહેરવા હુકમ

**મહારાષ્ટ્રમાં બહાર નિકળતા વેળા નાગરિકોને ઉદ્ધવનો હુકમ : લોકડાઉન સિવાય અન્ય વિકલ્પ નથી**

મુંબઈ, તા. ૮

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે દ્વારા પણ આજે કેટલીક કડક સૂચનાઓ લોકો માટે જારી કરવામાં આવી હતી. આના ભાગરુપે ઉદ્ધવ ઠાકરેએ ઘરની બહાર નિકળતી વેળા માસ્કનો ઉપયોગ કરવા લોકોને અપીલ કરી છે. સાથે સાથે પુર્વ ડિફેન્સ હેલ્થ સર્વિસના કર્મચારીઓ, નિવૃત્ત નર્સો, વોર્ડ બોયને કોરોના વાયરસ સામે વોર્ડમાં સામેલ થવા અપીલ કરી હતી. રાજ્યને પોતાના સંબોધનમાં ઉદ્ધવ ઠાકરેએ લોકોને અનેક અપીલ કરીને સાવચેત રહેવા માટે કહ્યું હતું. ઘરમાં રહેવા સિવાય હાલમાં કોઈ વિકલ્પ નહીં હોવાની તેઓએ વાત કરી હતી. કોરોના વાયરસ મહામારી દરમિયાન સુરક્ષિત રહેવા અને ઘરમાં રહેવા ઉદ્ધવે અપીલ કરી હતી. ઘરે બનાવવામાં આવેલા માસ્કનો ઉપયોગ કરવાની ટેવ લોકોએ પાળવી જોઈએ. સાથે સાથે

● અનુસંધાન પાના ૭ પર

## કોરોના ટેસ્ટને ફ્રીમાં કરવા સુપ્રીમ કોર્ટનો અંતે આદેશ

**ખાનગી લેબમાં કોરોના ટેસ્ટ માટે મહત્તમ ૪૫૦૦ રૂપિયા લેવા કેન્દ્ર સરકારે ૨૧મી માર્ચે સૂચના આપી હતી**

નવી દિલ્હી, તા. ૮

દેશમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટે પણ કોરોનાની ચકાસણીને લઈને આજે એક મોટો આદેશ જારી કરી દીધો હતો. દેશની સર્વોચ્ચ અદાલતે આજે સરકારને કહ્યું હતું કે, કોઈ વ્યક્તિને કોરોના વાયરસની અસર છે કે કેમ તેને લઈને થતી તપાસ મફતમાં કરવામાં આવે તે જરૂરી છે. કોરોના ટેસ્ટ ફ્રી કરવાના સુપ્રીમ કોર્ટના દુરગામી આદેશની સીધી અસર થવાના સંકેત મળી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના આ આદેશ એવા સમય પર આવ્યા છે જ્યારે કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે. સાથે સાથે ટેસ્ટના ખર્ચને લઈને પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. કેન્દ્ર સરકારે ૨૧મી માર્ચના દિવસે ખાનગી લેબને દરેક કોરોના-૧૯ તપાસ માટે મહત્તમ ૪૫૦૦ રૂપિયા રાખવાની ભલામણ કરી હતી. ભારતીય તબીબી અનુસંધાન પરિષદ (આઈસીએમઆર) તરફથી કોરોના વાયરસની તપાસને ધ્યાનમાં લઈને ખાનગી પ્રયોગશાળા માટે જારી દિશાનિર્દેશ મુજબ એનએબીએલ પ્રમાણિત તમામ ખાનગી પ્રયોગશાળાને કોરોના ટેસ્ટ કરવાની મંજુરી આપવામાં આવી છે. આઈસીએમઆરની માર્ગદર્શિકા પ્રાઈવેટ લેબ ઉપર પણ લાગૂ થાય છે.

● અનુસંધાન પાના ૭ પર

| ક્યાં | વિશ્વ | ભારત | ગુજરાત | ગાંધીનગર |
|---|---|---|---|---|
| કેસ | ૧૪૬૧૭૬૧ | ૫૮૦૨ | ૧૮૮ | ૧૩ |
| મૃત્યુ | ૮૪૬૬૦ | ૧૭૮ | ૧૬ | ૦૦ |
| રિકવર | ૪૨૨૮૧૯ | ૫૦૬ | ૨૫ | ૨ |

## યુપીમાં નોઈડા અને લખનૌ સહિત ૧૫ જિલ્લાઓના હોટસ્પોટ સીલ

**યોગી સરકારનો ખુબ કઠોર નિર્ણય : લોકોને દુકાન પર પણ જવાની પરવાનગી અપાશે નહીં : જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો હોમ ડિલિવરી મારફતે પહોંચશે : તાત્કાલિક ધોરણે હોટસ્પોટ સીલ**

લખનૌ, તા. ૮

કોરોના વાયરસના ખતરાની વચ્ચે એકબાજુ દેશમાં લોકડાઉનની સ્થિતિ રહેલી છે ત્યારે ઉત્તરપ્રદેશ સરકારે મોટો નિર્ણય લઈને પ્રદેશના ૧૫ જિલ્લાઓના કોરોના અસરગ્રસ્ત તમામ હોટસ્પોટને પૂર્ણરીતે સીલ કરી દીધા છે. આ ૧૫ જિલ્લામાં પાટનગર લખનૌની સાથે સાથે એ તમામ જિલ્લાઓ પણ સામેલ છે જ્યાં સતત જમાતીઓ અથવા તો તેમના સંપર્કમાં આવેલા લોકોના રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યા છે. આ જિલ્લાના હોટસ્પોટ બુધવારે રાત્રે ૧૨ વાગ્યાથી ૧૩મી એપ્રિલ સુધી સીલ કરી દેવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ સરકાર કઠોર નિર્ણય લઈને નોઈડા અને લખનૌ સહિત ૧૫ જિલ્લાના હોટસ્પોટ સીલ કરી દીધા છે. જ્યાં સતત કોરોનાગ્રસ્ત દર્દીઓ સપાટી ઉપર આવી રહ્યા છે તે તમામ હોટસ્પોટ સીલ




કરવામાં આવ્યા છે. જાણકારી મુજબ ઉત્તરપ્રદેશની યોગી સરકારે આગરા, સામલી, મેરઠ, બરેલી, કાનપુર, વારાણસી, લખનૌ, બસ્તી, ગાઝિયાબાદ, સહારનપુર, મહારાજગંજ, સીતાપુર, બુલંદશહેર, ફિરોઝાબાદ અને નોઈડાના હોટસ્પોટને સીલ કરવાનો નિર્ણય કર્યો છે. આ સ્થાનોના તમામ ઘરને સેનેટાઈઝ કરવામાં આવશે અને જીવનજરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો પણ હોમ ડિલિવરી મારફતે જ આપવામાં આવશે. આ ગાળા દરમિયાન લોકોને પૂર્ણરીતે ઘરમાં જ રહેવાનું રહેશે. દુકાન પર જવાની પણ મંજુરી મળશે નહીં. યોગી સરકારના આ મોટા નિર્ણયને ખુબ

● અનુસંધાન પાના ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- કોરોના વાઈરસના જન્મસ્થાન સમા ચીનના બુહાનમાં આજથી ૭૬ દિવસ જુનો લોકડાઉન ઉઠાવી લેતા ઉત્સવનો માહોલ
- બોલીવુડ પ્રોડ્યુસર કરીન મોરાની અને તેમની બે દિકરીઓને પણ કોરોના પોઝિટીવ
- આવકવેરા વિભાગ દ્વારા ૫ લાખ સુધીનું રીફન્ડ તાત્કાલિક છૂટું કરાશે.
- ભારતમાં ટૂંક સમયમાં જ આર્યુવેદિક પદ્ધતિથી કોરોના દર્દીઓનો ઈલાજ શરૂ કરાશે.
- બ્રિટનમાં ભારતીય મૂળના સજ્જન ડૉ. જિતેન્દ્ર રાઠોડનું કોરોનાના કારણે નિધન.
- દેશના તમામ પ્રાણીસંગ્રાહલયો માટે ભારત સરકારે ખાસ પ્રકારની એડવાઈઝરી જાહેર કરી.
- ટ્વીટરના સી.ઈ.ઓ.એ ૧ અબજનું દાન કર્યું.
- સારંગપુર હનુમાનજી મંદિરમાં ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલ તૈયાર થઈ.
- દેશના જાણીતા ઉદ્યોગપતિ ઉદય કોટકે પાંચ કરોડ પ્રધાનમંત્રી રાહતનિધિમાં આપ્યા.
- વેદાંતા ગૃપ અને હિરો સાઈકલ તથા બજાજ ગૃપ દ્વારા ૧૦૦-૧૦૦ કરોડનું દાન પ્રધાનમંત્રી રાહતનિધિમાં જાહેર કરાયું.
- દેશમાં સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૧૩૫ |
| તામિલનાડુ | ૭૩૮ |
| દિલ્હી | ૩૭૬ |
| ઉત્તરપ્રદેશ | ૩૬૧ |
| તેલંગાણા | ૪૫૩ |
| રાજસ્થાન | ૩૬૩ |
| આંધ્રપ્રદેશ | ૩૪૮ |
| મધ્યપ્રદેશ | ૩૪૧ |
| કેરાલા | ૩૪૫ |
| કર્ણાટક | ૧૮૧ |

## દુનિયામાં હવે મૃત્યુઆંક ૮૨ હજારથી ઉપર પહોંચ્યો

**કેસોની સંખ્યા વધીને ૧૪ લાખથી વધારે થઇ : અમેરિકા સહિતના દુનિયાના કેટલાક દેશમાં સ્થિતી વધારે વણસી**

નવી દિલ્હી,તા. ૮

કોરોના વાયરસને રોકવા માટે દુનિયાના તમામ દેશો દ્વારા અપનાવવામાં આવી રહેલી રણનિતી હાલમાં ફ્લોપ સાબિત થઈ રહી છે. તેના કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. દુનિયાના કુલ ૨૦૯ દેશો હવે કોરોનાની લપેટમાં આવી ચુક્યા છે. કોરોના કહેર વચ્ચે હજુ સુધી દુનિયાના દેશોમાં ૮૨ હજાર લોકો

● અનુસંધાન પાના ૭ પર

## અમેરિકામાં ભારતીય મૂળના ૬૬ વર્ષના પત્રકારનું સંક્રમણથી મોત

અમેરિકામાં ન્યૂયોર્ક કોરોના વાઈરસનું એપીસેન્ટર બની ચૂક્યું છે. અહીં કોરોના સંક્રમિત ભારતીય મૂળના પત્રકાર બ્રહ્મ કંચીબોતલાનું ૬૬ વર્ષની ઉંમરે મોત થયું છે. કંચીબોતલામાં પહેલીવાર ૨૩ માર્ચે કોરોનાના લક્ષણો દેખાયા હતા. તબીયત વધારે બગડતા તેમને લોંગ આઈલેન્ડની એક હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

## ઈસરો સેનિટાઈઝર, વેન્ટિલેટર બનાવી રહ્યું છે

ન્યુ દિલ્હી,તા.૮

ઈસરો આજકાલ કોરોના વાયરસને કારણે રોકેટ અથવા ઉપગ્રહો છોડી રહ્યું નથી. આનો અર્થ એ નથી કે ઈસરો બંધ છે. કોરોના મહામારી વચ્ચે આજે પણ ઈસરોના બે કેન્દ્રો કોરોનાને હરાવવા સેનિટાઈઝર અને વેન્ટિલેટર બનાવી રહ્યા છે.

દેશના સિનિયર સાયન્ટિસ્ટ એસ.કે. સોમનાથે થોડા દિવસો પહેલા સ્થાનિક મીડિયાને કહ્યું હતું કે અમે અહીં સેનિટાઈઝર અને વેન્ટિલેટર બનાવી રહ્યા છીએ.

# દેશમાં કોરોના કેસની સંખ્યા ૫૮૦૦ પહોંચી

નવી દિલ્હી, તા.૮

ભારતમાં પણ જીવલેણ કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે. સરકારના આંકડા મુજબ કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૭૦૦ સુધી પહોંચી ગઈ છે. જ્યારે ૧૫૦થી વધારે લોકોના કોરોનાના કારણે મોત થઈ ચુક્યા છે. આજે યુપીમાં કેસોની સંખ્યા વધીને ૩૪૩, ઉત્તરાખંડમાં ૩૩, પંજાબમાં ૧૦૬, કેરળમાં ૩૪૫, કર્ણાટકમાં ૧૮૧, તમિળનાડુમાં ૭૩૮ અને કાશ્મીરમાં ૧૩૯ પર પહોંચી હતી. મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, દિલ્હી સહિતના ઘણા રાજ્યોમાં હવે બહાર નિકળતી વેળા માસ્ક પહેરવાની બાબત ફરજિયાત કરાઈ છે. કેસોની સંખ્યામાં ઝડપી વધારો દેશમાં હાલમાં ચાલી રહેલા ૨૧ દિવસના લોકડાઉનના ગાળા વચ્ચે પણ થઈ રહ્યો છે. જે ખતરનાક સ્થિતીનો સંકેત આપે છે. આ સપ્તાહ સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. લોકડાઉનના નિયમોને સરળ રીતે પાળવામાં આવે તે જરૂરી છે. ભારત સરકાર તમામ રીતે લોકોને સંખ્યા વધી રહી છે તેનાથી ચિંતા વધી ગઈ છે. સરેરાશ ૪૦૦થી વધુ કેસો છેલ્લા કેટલાક દિવસમાં નોંધાયા છે. દર્શાવે છે કે કોરોના વાયરસ કેટલી ઝડપથી ભારતમાં

**મોતનો આંકડો ૧૫૦ સુધી પહોંચી ચુક્યો : કોરોનાના ફેલાવાને રોકવા માટે હાલમાં દેશભરમાં ૨૧ દિવસનો લોકડાઉનનો ગાળો જારી : દિલ્હી, યુપી, મહારાષ્ટ્ર સહિત રાજ્યમાં માસ્ક પહેરવું ફરજિયાત**

સંખ્યામાં જુદા જુદા રાજ્યોમાં ઝડપી વધારો થઈ રહ્યો છે. કોરોનાની ચેઈન તોડવા માટેની જરૂર દેખાઈ રહી છે. કેસોની નિર્ણાયક થઈ શકે છે તેવી વાત આવી રહી છે. કોરોના વાયરસે ૩૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સકંજામાં લઈ લીધા છે. સુરક્ષિત રાખવા માટે માર્ગદર્શિકા વારંવાર જારી કરી રહી છે. તમામ રાજ્યોમાં કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. જે રીતે કેસોની પણ પગ પેસારો કરી રહ્યો છે. ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ ૩૦મી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો.દેશમાં પણ લોકડાઉની સ્થિતી હોવા છતાં અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. જેના કારણે તમામ ચિંતાતુર છે. તેને અંકુશમાં લેવા માટે સફળતા મળી રહી નથી. ભારતમાં કોરોનાના કારણે સૌથી વધારે પ્રભાવિત રાજ્યોમાં મહારાષ્ટ્ર, દિલ્હી, તમિળનાડ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યોનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાના ૭ પર